સમયમર્યાદા

જાનં/મક/આવિ/૨૦૨૫/૨૧૪
મદદનીશ કમિશ્નર (આદિજાતિ વિકાસ)ની કચેરી
કુબેર ભવન "આઈ" બ્લોક, રૂમ નં ૭૨૦
સાતમો માળ, કોઠી ચાર રસ્તા પાસે
વડોદરા – ૩૯૦૦૦૧
તારીખ : ૧૬/૦૪/૨૦૨૫

પ્રતિ.
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
અનાવિલ ભવન સામે
કારેલીબાગ વડોદરા

વિષય: પોસ્ટ મેટ્રીક શિષ્યવવૃતિ યોજના હેઠળ અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન બાકી રહેલ શિષ્યવૃતિની અરજીઓ ચુકવણા બાબતનો પરીપત્ર અપલોડ કરવા બાબત

સંદર્ભ :- (૧) વડી કચેરી ના પત્રનં આવિ/શિક્ષણ/ફાનં ૧૪૦૫/૪૨૫ થી ૪૪૩ તા. ૦૪/૦૪/૨૦૨૫
(૨) અત્રેની કચેરીના પરીપત્ર નં જાન.મક/આવિ/૨૦૨૫/૨૦૯ તા ૦૯/૦૪/૨૦૨૫

ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અનવ્યે જણાવવાનુ કે, વર્ષ ૨૦૧૭-૧૮ થી ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત પોસ્ટ મેટ્રીક (ભારત સરકાર તથા રાજ્ય સરકાર) હેઠળ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને ડીબીટી મારફત ઓનલાઈન શિષ્યવૃતિ ચુકવણીની કાર્યવાહી કરવામાં આવે છે. શિષ્યવૃતિની જુદી-જુદી યોજનાઓ હેઠળ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૪-૨૫ના સમયગાળા દરમ્યાન હજી પણ આચાર્યશ્રી/કોલેજ/સંસ્થા લેવલે ઘણી અરજીઓ પેન્ડીંગ રહેલ છે. જે અનવ્યે અત્રેની કચેરીએથી સંદર્ભદર્શિત (૨)થી આચાર્યશ્રી/કોલેજ/સંસ્થા પરીપત્ર પાઠવેલ છે. વડોદરા જિલ્લાની શાળાઓના આચાર્યશ્રી/વિદ્યાર્થીઓ કક્ષાએ પેન્ડીંગ રહેલ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ થાય તે હેતુસર સદરહુ પરીપત્ર અનવ્યે આપની કક્ષાએથી શાળાના આચાર્યશ્રીઓને જરૂરી સુચના આપવા તથા સદરહુ પરીપત્રની અસરકારક કામગીરી થઈ શકે તે માટે આપની કચેરીની વેબસાઈટ પર પરીપત્ર મુકવા નમ્ર વિનંતી છે. (પરીપત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે)

બિડાણ:- પરીપત્ર

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
વડોદરા

જા.નં.ક–૩/પરચ/ ૩૧૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા.૧૭ /૦૪/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા બિન સરકારી મા.અને ઉ.મા.શાળાઓ, (તમામ)
જિ.વડોદરા

૨/– જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી

Scanned with OKEN Scanner

परીપત્ર

જાનં/મક/આવિ/૨૦૨૫/ ૨૦૯
મદદનીશ કમિશ્નર (આદિજાતિ વિકાસ)ની કચેરી
કુબેર ભવન "આઈ" બ્લોક, રૂમ નં ૭૨૦
સાતમો માળ, કોઠી ચાર રસ્તા પાસે
વડોદરા – ૩૯૦૦૦૧
તારીખ : ૦૯/૦૪/૨૦૨૫

પ્રતિ.
વડોદરા જીલ્લાની તમામ શાળા/કોલેજ/યુનિર્વસિટીના
આચાર્યશ્રી/ડીનશ્રી/રજીસ્ટ્રારશ્રી

વિષય: પોસ્ટ મેટ્રીક શિષ્યવવૃતિ યોજના હેઠળ અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન બાકી રહેલ શિષ્યવૃતિની અરજીઓ ચુકવણા બાબત.

સંદર્ભ "- વડી કચેરી ના પત્રનં આવિ/શિક્ષણ/ફાનં ૧૪૦૫/૪૨૫ થી ૪૪૩ તા. ૦૪/૦૪/૨૦૨૫

ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અનવ્યે જણાવવાનુ કે, વર્ષ ૨૦૧૭-૧૮ થી ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત પોસ્ટ મેટ્રીક (ભારત સરકાર તથા રાજ્ય સરકાર) હેઠળ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને ડીબીટી મારફત ઓનલાઈન શિષ્યવૃતિ ચુકવણીની કાર્યવાહી કરવામાં આવે છે. શિષ્યવૃતિની જુદી-જુદી યોજનાઓ હેઠળ ૨૦૧૮-૧૯ થી વર્ષ ૨૦૨૪-૨૫ના સમયગાળા દરમ્યાન હજી પણ આચાર્યશ્રી/કોલેજ/સંસ્થા લેવલે ઘણી અરજીઓ પેન્ડીંગ રહેલ છે. જે અનવ્યે આ સાથે નીચે જણાવેલ પત્રક મુજબ જણાવેલ સમયગાળામાં તબ્બકાવાર કાર્યવાહી કરી આપની શાળા/કોલેજ/સંસ્થાઓ પાસે પડતર અરજીઓની ચકાસણી /પુર્તતા કરી, અરજી અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. નીચે જણાવેલ સમયગાળા બાદ વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ ની કોઈ અરજીઓ પેન્ડીંગ રહેલ હશે તો તે તમામ અરજીઓને ફ્રીજ કરવામાં આવશે તથા તેની સંપૂણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રી કે વિદ્યાર્થીની રહેશે જેની નોંધ લેવા વિનંતી

(પાછળ)

Scanned with OKEN Scanner

## ડીજીટલ ગુજરાતના સ્કોલરશીપ પોર્ટલ પર અનુ. જનજાતિ વિદ્યાર્થીઓની પડતર અરજીના નિકાલ માટેનુ આયોજન

| અનુ નં | વર્ષ | યોજના | કામગીરી | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ | (૧)પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ (અબ્રેલા/અંબ્રેલા ફ્રી શીપકાર્ડ ) (૨) પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ ૨.૫૦ લાખથી વધુ આવક કન્યા ( ફ્રી શીપ કાર્ડ / ફ્રી શીપ કાર્ડ વગર ની કન્યા) (૩) ફુડબીલ (૪) સાધન સહાય | શાળા/કોલેજના આચાર્યશ્રીના લોગીનમાં પેન્ડીંગ રહેલ અનુ. જનજાતિના વિદ્યાર્થીઓની અરજીઓની ચકાસણી/પૂર્તતા કરી અત્રેની કચેરીને ઓન લાઈન મોકલી આપવી અથવા, નામંજુર કરવા પાત્ર હોયતો, નામંજુર કરીને વિદ્યાર્થીઓને સ્કોલરશીપની અરજી વિદ્યાર્થીઓને રીટર્ન કરવી અને અત્રેની કચેરીને વિદ્યાર્થીઓની યાદી સાથે પત્રથી જાણ કરવી | તા ૩૦/૦૪/૨૦૨૫ |
| ૨ | વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ | (૧)પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ (અબ્રેલા/અંબ્રેલા ફ્રી શીપકાર્ડ ) (૨) પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ ૨.૫૦ લાખથી વધુ આવક કન્યા ( ફ્રી શીપ કાર્ડ / ફ્રી શીપ કાર્ડ વગર ની કન્યા) (૩) ફુડબીલ (૪) સાધન સહાય | શાળા/કોલેજના આચાર્યશ્રીના લોગીનમાં પેન્ડીંગ રહેલ અનુ. જનજાતિના વિદ્યાર્થીઓની અરજીઓની ચકાસણી/પૂર્તતા કરી અત્રેની કચેરીને ઓન લાઈન મોકલી આપવી અથવા નામંજુર કરવા પાત્ર હોયતો, નામંજુર કરીને વિદ્યાર્થીઓને સ્કોલરશીપની અરજી રીટર્ન કરવી અને અત્રેની કચેરીને વિદ્યાર્થીઓની યાદી સાથે પત્રથી જાણ કરવી | તા૦૫/૦૬/૨૦૨૫ |

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
વડોદરા

Scanned with OKEN Scanner